| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૦/૦૬/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૩૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૪,૭૮,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

આગામી રથયાત્રાના તહેવાર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે રમેશસિંગ ઉર્ફે ટકલો શંભુસિંગ જાતે રાજપુત ઉ.વ.૩૪ રહે.સી/૬૦૪, વાઈબ્રન્ટ રેસીડેન્સી, હંસપુરા બસ સ્ટેન્ડની સામે, દહેગામ રોડ, નરોડા, અમદાવાદ શહેર મુળ વતન ગામ-રાજગઢ તા.ટહેલા જી.દોસા રાજસ્થાન નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૨૦૨/૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦ ૨૯૮/૨૦૨૨ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૪૧/૨૦૨૨ તા.૦૮/૦૬/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે “મધ્યસ્થ જેલ લાજપોર-સુરત” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૦૯/૦૬/૨૦૨૨ ના કલાક ૧૮/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “મધ્યસ્થ જેલ લાજપોર-સુરત” ખાતે મોકલી આપેલ છે. તા.૦૯/૦૬/૨૦૨૨

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

**(૧) પો.સ.ઈ. આર.ડી.જાડેજા**

**(૨) મ.સ.ઈ. સાગરભાઈ ખુમાભાઈ બ.નં.૫૨૦૦**

**(૩) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦**



# રાણીપ પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર પી.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) કુષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૨૦૩૫૦/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૨૦૨૪૮/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ તથા (૩) ચાંદખેડા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૮૨૨૦૩૪૯/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનાના કામે પકડાયેલ આરોપી નામે જતીન ઉર્ફે ક્રિષ્ણા શ્રીચંદ મોહનદાસ મુરજાની (સીંધી) ઉ.વ.૨૦ રહે: ૦૨, ચંદુની ચાલી, બંગલા એરીયા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૪૭/૨૦૨૨ તા-૦૯/૦૬/૨૦૨૨ ના રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૦૯/૦૬/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

---

**કામગીરી કરનાર કર્મચારી**

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.લો.ર. દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬

---



## પી.સી.બી.

## ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી શેરબજારનુ ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ કરતા ૬ ઈસમોને કુલ્લે રુપિયા ૧૭,૫૭,૧૪૦/- મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૦૯.૦૬.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, મ.સ.ઈ.વિષ્ણુભાઈ ગોપાલદાસ બ.ન.૩૭૪૪,અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો. તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭,અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભાઈ બ.ન.૮૯૯૦, અ.હે.કો.હેમાંગ મહેશભાઈ બ.ન.૪૨૮૨, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ગોતા જગતપુર રોડ ઉપર આવેલ વિષ્ણુધારા ગાર્ડન નામના કોમ્પલેક્ષમાં આવેલ ઓફિસ/દુકાન નંબર ૧૩૧ માં પંચો સાથે રેઈડ કરી આરોપી નામે મનીષ નટવરલાલ શાહ તથા તેના મળતીયા માણસોને ભારત સરકારના સેબી દ્વારા અધીકૃત કરેલ કોઈપણ સ્ટોક એક્ષચેંજના માન્ય સભ્ય કે એજન્ટ નહી હોવા છતા પોતાના આર્થીક ફાયદાસારુ ગેરકાયદેસર શેરબજાર ટ્રેડિંગનુ કામ કરી લોકો સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી દેશના અર્થતંત્રને નુકશાન કરી પોતાના આર્થીક ફાયદા સારુ શેરબજારની લાયસન્સ કે પરવાનગી કે રજીસ્ટ્રેશન વિના શેરની લેવેચના સોદાઓ કરી શેરબજારના ડબ્બા ટ્રેડિગનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૪,૯૬,૬૪૦/- તથા લેપટોપ વિગેરે મળી કુલ્લે રુપિયા ૧૭,૫૭,૧૪૦/-ના મુદામાલ સાથે ૬ આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે એ પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૮૨૨૦૪૮૬/૨૦૨૨ ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૧૨૦(બી),૧૧૪ તથા ધી આઈ.ટી.એકટ કલમ ૬૬(સી)(ડી) તથા જુગાર ધારા કલમ ૪,૫ તથા ધી સિકયુરીટી રેગ્યલેશન એકટ ૧૯૫૬ ની કલમ ૨૩ઈ,૨૩એએફ,૨૩જી,૨૩એચ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પકડાયેલ આરોપીઓ:

(૧) મનીષ નટવરલાલ શાહ રહે.બી/૬૦૧, ઉત્સવ એલીગંસ ભુયંગદેવ ચાર રસ્તા ઘાટલોડીયા અમદાવાદ શહેર(૨)રાકેશ શ્યામસુંદર દાલમીયાં રહે.બી/૪૦૨, એ/૩ રોયલ ફલેટ જનતાનગર ચાંદખેડા અમદાવાદ (૩) હરેશ ઘનશ્યામભાઈ ગજેરા રહે.૨૨ વર્ણીરાજ સોસાયટી, નરોડા રોડ, નિકોલ અમદાવાદ (૪) નટુભાઈ પરસોતમભાઈ પ્રજાપતિ રહે.૨૩ ગિરીશ સોસાયટી, સાબરમતી અમદાવાદ (૫) પ્રકાશ પ્રેમજીભાઈ મેઘાણી (પ્રજાપતિ) રહે.૪૩ શકંરનગર સોસાયટી, નવાવાડજ ગામ અમદાવાદ (૬) ભુપેન્દ્રભાઈ શંભુભાઈ પટેલ રહે.ડી/૫૯ સનરાઈઝ પાર્ક સોસાયટી નિકોલ અમદાવાદ

## વોન્ટેડ આરોપીઓ:

(૧) ધવલભાઈ ઉર્ફે રાકેશ રહે.સુરત (૨) અતુલ મહેન્દ્રભાઈ પટેલ રહે.સાર્વજનિક હોસ્પીટલ સામે ગોજારીયા મહેસાણા (૩) અંકિત શાહ રહે.શાશ્વત એપાર્ટમેંટ પાલડી અમદાવાદ (૪) વિશાલ ઉર્ફે નિકુલ બારોટ રહે.આકાર ફ્લેટ શ્રીનગર કલોલ (૫) અંકિત પરીખ રહે.ઓઝોન ડિયાઝર થલતેજ અમદાવાદ (૬) લલિત રહે.ફરીદાબાદ હરીયાણા (૭) અનુપ શર્મા રહે.મુકુંદ ગઢ તા.ઝુનઝુનુ રાજસ્થાન (૮) સંજય રહે.વૈશાલીનગર જયપુર રાજસ્થાન (૯) સુનિલ બાવરા રહે.સુજાનગઢ રાજસ્થાન (૧૦) પ્રકાશભાઈ રહે.વસ્રાલ અમદાવાદ (૧૧) મયુર પ્રજાપતિ રહે.વાડજ અમદાવાદ શહેર (૧૨) ધીરેનભાઈ શાહ રહે.આશ્રય ફ્લેટ સાયંસસિટી ઓકસીજન પાર્ક સામે સોલા અમદાવાદ

## ગુનાની જગ્યા :

ગોતા જગતપુર રોડ ઉપર આવેલ વિષ્ણુધારા ગાર્ડન નામના કોમ્પલેક્ષમાં આવેલ ઓફિસ/દુકાન નંબર ૧૩૧ માં

## પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા રુપિયા ૪,૯૬,૬૪૦/-(૨) લેપટોપ નંગ-૪ પેનડ્રાઈવ ચાર્જર સાથે કિ.રૂ.૧,૦૦,૦૦૦/ (૩) મોબાઈલ ફોન નંગ ૧૮ કિ.રૂ.૬૦,૫૦૦/-(૪) એકટીવ નંગ-૪ કિ.રૂ. ૧,૦૦,૦૦૦/- (૫) હુંડાઈ ક્રેટા કાર કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- સાથે કુલ્લે રુપિયા ૧૭,૫૭,૧૪૦/ ની મત્તાનો મુદામાલ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૨૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૧ રિક્ષા, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૩/૨૦૨૨**

**ક્રાઈમ બ્રાન્ચઃ** હર્ષિદા વા/ઓ પ્રવિણકુમાર શાહ (ઉ.વ.૬૩) (રહે. જાગૃતિ ફ્લેટ મહાવિર ટાવરની બાજુમાં મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે પાલડી) એ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ધવલ સુરેશભાઇ શાહ (રહે.ચંદનબાળા ફ્લેટ સુવિધા શોપીંગ સેન્ટર સામે પાલડી) જન્મથી જ હર્ષિદા શાહના માતા-પિતા સાથે રહેતા હતા. હર્ષિદાબહેનના માતા-પિતા ના મૃત્યુ થયા બાદ તા.૨૪/૦૮/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ધવલ શાહે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાનો પી.પી.એફ નો પે ઓર્ડરના રૂપિયા ૭૭,૯૪,૮૧૫=૧૫ મેળવી લેવા કોસમસ બેન્કમાં ખાતુ ખોલાવવાનાં ફોર્મમાં હર્ષિદા શાહની ખોટી બનાવટી સહી કરી આધાર પુરાવા મેળવી બેન્ક ફોર્મ ભરી ખાતુ ખોલાવી તેમાં પે ઓર્ડર જમા કરાવી હર્ષિદા શાહના નામનું ખોટુ બનાવટી ખાતુ ખોલાવી ચેકમાં ખોટી અને બનાવટી સહી કરી પે ઓર્ડરનાં નાણાં સંયુકત ખાતામાંથી અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

**ઈસનપુરઃ** જયાબહેન વા/ઓ જીગ્નેશભાઇ રાઠોડ (ઉ.વ.૪૦) (રહે. કર્ણાવતીનગર-૨ નારોલ અસલાલી હાઇવે ભમરીયા કુવા પાસે નારોલ) એ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે-જુલાઇ-૨૦૨૧ થી આજદિન સુધીના સમયાગાળા દરમ્યાન રાધા કૃષ્ણા બિઝનેશ સેન્ટર રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે ઇસનપુર ખાતે આરોપી (૧) સુરમલસિંહ ઉર્ફે સચિન રામસિંહ સોલંકી રહે- દહેગામ ગોતા અને (૨) બ્રીજેશભાઈ કિરીટભાઈ પટેલ (રહે- દહેગામ ગોતા) એ ભેગા મળી જયાબહેન રાઠોડના ચાર ગ્રાહકોને રશીયા ખાતે વર્ક પરમીટ આપવાનુ કહી તથા મુકેશભાઇ અલબેનીયા દેશના ઇ વર્ક પરમીટ વિઝા તથા શિવમના સાયપરસ દેશના ઇ વર્ક પરમીટ વિઝા આપવાનો વિશ્વાસ આપી જયાબહેન પાસેથી ફી પેટે રૂપિયા ૧૪,૫૦,૦૦૦/- મેળવી લઈ ચાર ગ્રાહકને વિઝીટર વિઝા આપી રશીયા મોકલી વર્ક પરમીટ નહી આપી તથા બે ગ્રાહકોના ડુપ્લીકેટ વર્ક વિઝા આપી રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહિલ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** ધવલ રાજેશભાઈ શાહ (ઉ.વ.૩૧) (રહે. શ્રીજી ટાવર હીમાલયા મોલ સામે ડ્રાઈવ ઈન રોડ) એ તા.૦૯/૦૬/૨૦૨૨ ના **રોજ** વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધવલ શાહ પોતાના રહેણાંક ખાતે "મહાવિર એલ્યુમિનીયમ" નામની કંપની ધરાવી ધંધો-વેપાર કરતા હોઈ એલ્યુમીનીયમના મટીરીયલ જરૂરીયાત હોઈ સોસીયલ મીડીયાથી તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ "ભાલકો ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ" ના (૧) સેલ્સ એક્જીક્યુટીવ અનિમેષ ગુપ્તા (૨) ડિરેક્ટર સુમન વા/ઓ નિતીન ત્યાગી (રહે. ગલી નં-૧૪ મંડોલી નોર્થ ઇસ્ટ દિલ્હી (૩) ડિરેક્ટર નમ્રતા વા/ઓ દુષ્યંતકુમાર સિંઘ (રહે.ગામ ખલીલપુર અમરૂ ભીકનપુર મુરાદાબાદ ઉત્તરપ્રદેશ) તથા (૪) મેનેજર નીતિન ત્યાગી (ઓફીસ- ૪૧૧, વિકાસ દીપ બિલ્ડીંગ, ઇન્કમટેક્સ ઓફીસ પાસે લક્ષ્મીનગર ન્યુ દીલ્હી તથા શેડ નં- ૩૬, લાભ એસ્ટેટ, કઠવાડા દસક્રોઈ, અમદાવાદ) નાઓનો સંપર્ક કરી એલ્યુમીનીયમના મટીરીયલ મંગાવવા ઓનલાઈન નાણા ચુકવી આપતા મંગાવેલ મટીરીયલ પૈકી બાકીનુ એલ્યુમિનીયમ મટીરીયલ કિમત રૂપિયા ૩૬,૨૩,૦૦૮/- આજદિન સુધી નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૪/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** મંથન સુભાષભાઇ પટેલ (રહે. રત્નવિહાર બંગલોઝ સુરમ્ય સ્કાય ફ્લેટ સામે નિયોન સ્પોટ્સ એકેડમી પાસે સાયન્સસીટી સોલા) એ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાન્ચ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તેમજ અલગ-અલગ ચીજ વસ્તુઓ અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૫૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

**વેજલપુરઃ** મઝરએહમદ રસીદએહમદ મીર્ઝા (રહે. મોલાના આઝાદપાર્કના નાકે અલફઝલ ડેકોરેટર પાછળ ગુજરાત એગ્રો સામે જુહાપુરા) એ તા.૦૯/૦૬/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૨ થી તા.૦૭/૦૬/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા ઉપર જવાની સીડીનુ લોખંડનુ ઢાંકણ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૨,૦૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

**રખિયાલઃ** અયુબભાઈ નુરમોહમદ વોરા (રહે. લોટસ રેસીડનસી સોમા ટેક્ષટાઈલ્સ સામે રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી ૧/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી એક પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી.ભાટીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૩૫/૨૦૨૨</u>**

**ગોમતીપુરઃ** સુરેશભાઈ સ/ઓ જીનપ્પા ઝપાટે (ઉ.વ.૫૩) (રહે. પટેલ પરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૬/૨૦૨૨ કલાક ૯/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.